(૪)

સુરત મહાનગરપાલિકા
વોચ એન્ડ વોર્ડ વિભાગ
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા,
સુરત.
૩૯૫૦૦૩.

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.ડી/૧૧૮૯૬
તા.૦૬/૦૨/૨૦૧૫

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફીસરશ્રી, વોચ એન્ર્ડ વિભાગ.

<u>ફરીયાદની હકીકતઃ–</u>

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ બથવારની અરજી આઈ.ડી.નં.૬૮૫ તા. તાઃ૧૫/૦૧/૨૦૧૫.જાહેર માહિતી અધિકારી શ્રી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્રાંક નં.સી/આર.ટી.આઈ/૬૮૫ તા.૧૬/૦૧/૨૦૧૫. વોચ એન્ડ વોર્ડ ખાતાના ઈન્વર્ડ નં.૨૩૨૯ તા.૧૯/૦૧/૨૦૧૫.
સંદર્ભ :–(૧)અરજદાર મજકુરની અપીલ અરજી નં. ડી/૧૧૮૯૬ તા.૦૬/૦૨/૨૦૧૫.

ઉપરોકત વિષય અને સંદર્ભમાં જણાવેલ રાઈટ ટુ ઈન્ફોરમેશન એકટ–૨૦૦૫ અંતગર્ત માહિતી માંગતી આપની અરજી નં.આર.ટી.આઈ એકટ હેઠળની તાઃ૧૫/૦૧/૨૦૧૫ આઈ.ડી.નં.૬૮૫ અરજી બાબતે આપેલ માહિતી આઉટ વર્ડ નં.વોચ એન્ડ વોર્ડ નં.૮૮૨ તા.૨૯/૦૧/૨૦૧૫ થી મુદા નં. ૧ થી ૫ માંથી મુદા નં.૩ નો પ્રત્યુત્તર મળેલ છે. નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પત્રથી અત્યંત નારાજ થઈ એપેલેટ ઓફીસરને તા.૦૬/૦૨/૨૦૧૫ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૧૫/૦૧/૨૦૧૫ ની અરજી બાબતે માંગવામાં આવેલ માહિતીમાં વોચ એન્ડ વોર્ડ ખાતાને લાગત મુદ્દા નં.૩ ની માહિતી નિયત સમય મર્યાદામાં નીચે મુજબ આપવામાં આવેલ છે.

| અનુ. નં. | મુદ્દો | પુર્તતા |
|---|---|---|
| ૩. | એડીશનલ સીટી. ઈજનેર કે મહેરબાન કમિશ્નરશ્રી કે સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી કે સામાન્ય સભા ઠરાવ કે જૂની સેન્ટ્રલ કચેરી પાસે બનાવેલ ફેસીંગ પાર્કિંગમાં ફકત ફોર વ્હીલરને જ કાર પાર્કિંગ કરવા દેવામાની અટકાયત તા.૧૩/૦૧/૨૦૧૫ થી સીકયુરીટી ગાર્ડ જલારામ સીકયુરીટીઓ ટુ વ્હીલરને પાર્ક કરવા દેવાની ના કહે છે. અને કાર પાર્કિંગ માટે જ આ પાર્કિંગનો હુકમ કરનાર અધિકારીશ્રીના નામની માહિતીની નકલ આપવા વિનંતી છે. | મુદ્દા નં.૩ મુજબ ની માહિતીની વિગત ની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે. પાના નંગ.૨ |

વધુમાં આપે માંગેલ માહિતીના મુદ્દા નં.૩ સીવાયના મુદ્દા સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગને લાગુ પડતા ન હોય, તે અંગેની વિગત નીલ છે.

આમ, અરજદારે માહિતી મુદ્દા નં.૧,૨,૪ અને ૫ ની માહિતી નહિ મળ્યા બાબતે અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદામાં લાગત મુદ્દા નં.૩ ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેની હાથોહાથ ની મળેલ પહોચ પણ મેળવવામાં આવેલ છે. જેથી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારને તા.૧૯/૦૨/૨૦૧૫ ના રોજ બપોરે ૧૧:૪૫ કલાકે રૂબરૂ બોલાવ્યા હતાં તેમને મુદ્દા નં.૧ થી ૫ બાબતે ચર્ચા કરી મુદ્દા નં.૩ વોચ એન્ડ વોર્ડ ખાતાને લાગત હોય અત્રેથી જવાબ કરેલ છે. બાકીના મુદ્દા અત્રે લાગુ ન પડતાં હોય જેથી બાકીની માહિતી માટે હાઉસીંગ વિભાગ અને સેન્ટ્રલ ઝોનના સંપર્કમાં રહેવા જણાવ્યું.

## હુકમ

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નીકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫/૦૧/૨૦૧૫ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી, જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદામાં પુરી પડાયેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન ોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

વોચ એન્ડ વોર્ડ વિભાગ/આ/નં. ૯-૬૦
તા:૨૧/૦૨/૨૦૧૫

૨૦.૨.૧૫
આર.ડી.સુર્યવંશી
ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફીસર
અને
જાહેર અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોડ)પ્રતિ......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,
તેઓની અપીલ અરજી અંગે ઉપરની

(૭)

સુરત મહાનગરપાલિકા
વોચ એન્ડ વોર્ડ વિભાગ
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા,
સુરત.
૩૯૫૦૦૩.

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.ડી/૧૩૨૩૫
તા.૧૧/૦૩/૨૦૧૫

અરજદારઃ– શ્રી મોહંમદ ઈકબાલ શેખ
સામાવાળાઃ– ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફીસરશ્રી, વોચ એન્ડ વિભાગ.

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આપશ્રીની તાઃ૦૫/૦૨/૨૦૧૫ની અરજી બાબત.
સંદર્ભઃ– ૧. આપની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળ અરજી આઈ.ડી. નં.૭૩૮ તાઃ૦૫/૦૨/૨૦૧૫.
૨. કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફીસર ના પત્રાંક નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૭૭૬ તા.૨૪/૦૩/૨૦૧૫.
વોચ એન્ડ વોર્ડ ખાતાના ઈન્વર્ડ નં.૨૮૫૩ તા.૨૫/૦૩/૨૦૧૫.

ઉપરોકત વિષય અને સંદર્ભમાં જણાવેલ રાઈટ ટુ ઈન્ફોરમેશન એકટ–૨૦૦૫ અંતગર્ત માહિતી માંગતી આપની અરજી નં.આર.ટી.આઈ એકટ હેઠળની તાઃ૦૫/૦૨/૨૦૧૫ આઈ.ડી.નં.૭૩૮ કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફીસર ના પત્રાંક નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૭૭૬ તા.૨૪/૦૩/૨૦૧૫ ની અરજી તબદીલથી તા.૨૫/૦૩/૨૦૧૫ ના રોજ અત્રેના વિભાગને મળેલ છે.

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત ૧૪ યુનિયનોની બનેલી સ્ટીયરીંગ કમિટિના હોદ્દેદારો સાથેની તા.૩૧/૦૭/૨૦૧૪ ના રોજ મળેલ મિટિંગમાં નકિક થયા મુજબ લાગત કયા કયા ખાતા/વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી? તે અંગેના જવાબ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પત્રથી અત્યંત નારાજ થઈ એપેલેટ ઓફીસરને ડી/૧૩૨૩૫ તા.૧૧/૦૩/૨૦૧૫ થી રોજ અપીલ કરવામાં આવેલ છે.

ઉપરોકત અરજીના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગની માહિતી નીચે મુજબ છે.

| અનુ. નં. | મુદ્દો | પુર્તતા |
|---|---|---|
| ૧૨. | દર વરસે સુરત મનપાના અધિકારીઓ તથા કર્મચારીઓની સર્વિસબુક અપડેટ કરાવો, ખાસ કરીને રજાઓની બાબતે, જેથી રીટાયર થયા પછી નિવૃત્તિનાં લાભો તાત્કાલીક ચુકવી શકાય, આ માટે અલગ સેલ ઉભું કરો. | – વોચ એન્ડ વોર્ડ ખાતામાં સપ્ટેમ્બર મહિનામાં ડુપ્લીકેટ સર્વિસબુક /સર્વિસ બુક અપડેટ કરવા અંગેની કાર્યવાહી થાય છે.<br>– રીટાયર થયા પછી નિવૃતિના લાભો તથા પેન્શન ચૂકવવાની કાર્યવાહી અત્રેના ખાતા દ્વારા જેમ બને તેમ ઝડપથી કરવામાં આવે છે. |
| ૨૧. | વોચ એન્ડ વોર્ડ ખાતામાં ચાલતી ખાનગી સીકયુરીટી એજન્સીના કામદારોને માસિક પગાર તેમના બેન્ક એકાઉન્ટ મારફત ચુકવણી કરો. કરાર મુજબ તથા સરકારશ્રીના મીનીમમ વેજીસ એકટ મુજબ કામદારોને પગાર ચૂકવાતો નથી. | –સુરત મહાનગરપાલિકાનો એજન્સી સાથે કરાર થયેલ હોય,<br>(૧)ટેન્ડરની શરતો મુજબ SMC ખાનગી સીકયુરીટી એજન્સીના કામદારોને ડાયરેકટ પેમેન્ટ કરતી નથી. પરંતુ એસ.એમ.સી. જે–તે એજન્સીને ચેકથી પેમેન્ટ કરે છે. અને ત્યાર બાદ જે–તે એજન્સી કામદારને પેમેન્ટ કરે છે.<br>(૨)એજન્સી હેઠળના કામદાર એકજ એજન્સીમાં લાંબો સમય ફરજ બજાવતાં નથી. અને તેઓ થોડો સમય ફરજ બજાવી અન્ય સંસ્થા હેઠળ ફરજ બજાવતા હોય SMC કામદારને સીધુ પેમેન્ટ કરી શકાતું નથી.<br>(૩)વોચ એન્ડ વોર્ડ વિભાગ દ્વારા બહાર પડનાર નવા ટેન્ડરોમાં આપણા સુચનનો સમાવેશ કરવા વિચારણા કરવામાં આવશે. |
| ૧૩. | સીકયુરીટી ગાર્ડ પાસે જાહેર તહેવારના દિવસે ગેરહાજર હોય તો સી.એલ. કયા કારણસર લેવામાં આવે છે. | – સીકયુરીટી ગાર્ડ જાહેર તહેવારના દિવસે ગેરહાજર હોય તો, જે–તે કિસ્સામાં કર્મચારીની F.L. જમા હોય તો તે રજા અથવા માંદગીની રજા પણ લેવામાં આવે છે. આમ દરેક કિસ્સામાં ફકત સી.એલ. જ લેવામાં આવે એવું બનતું નથી. |

આમ, અરજદારે માહિતી મુદ્દા નં.૧૨, ૧૩ અને ૨૧ ની માહિતી મળ્યા બાબતે અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદામાં લાગત મુદ્દા ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેની હાથોહાથ ની મળેલ પહોચ પણ મેળવવામાં આવેલ છે. જેથી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારને તા.૦૮/૦૫/૨૦૧૫ ના રોજ સાંજે ૦૫ઃ૩૦ કલાકે રૂબરૂ બોલાવ્યા હતાં તેમને મુદ્દા નં.૧૨, ૨૧ અને ૧૩ બાબતે ચર્ચા કરી આપેલ વિગત સંદર્ભે સને–૨૦૧૨ માં થયેલ એજન્સીને લાગત ઠરાવની નકલ આપવા જણાવેલ જે આ સાથે સામેલ રાખેલ છે.

<u>હુકમ</u>

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નીકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૫/૦૨/૨૦૧૫ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી, જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદામાં પુરી પડાયેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

વોચ એન્ડ વોર્ડ વિભાગ/આ/નં. ૧૫૮
તા.૧૧/૦૫/૨૦૧૫

જાગ્રત આર.નાયક
ચીફ સીકયુરીટી ઓફીસર
અને
જાહેર અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોડ)પ્રતિ
(૨) શ્રી શ્રી મોહંમદ ઈકબાલ

અપીલઅરજી નં.ડી/૧૩૨૩૫
તા.૧૧/૦૩/૨૦૧૫